# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 5-8-2024 Midday : 1.20 to 1.30 PM
Day : Monday National News

**આકાશવાણી- સમાચાર બકુલા પરમાર વાંચે છે.**

*****************************************************

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ફિજીના બે દિવસીય પ્રવાસે પહોંચ્યા, ફિજીના પ્રધાનમંત્રી સાથે બેઠક કરશે
- સૈન્યની ત્રણેય પાંખના વડા જનરલ અનિલ ચૌહાણની અધ્યક્ષતામાં નવી દિલ્હી ખાતે ઉચ્ચ સ્તરીય ટ્રાઇ સેવા નાણાકીય સંમેલનનો પ્રારંભ
- જમ્મૂ કાશ્મીરમાં કલમ 370 નાબુદ થયાને પાંચ વર્ષ પૂર્ણ, સુરક્ષાને જોતા અમરનાથ યાત્રા સ્થગિત
- અમેરિકાએ ઇરાન અને હિજબુલ્લાહ દ્વારા ઇઝરાયેલ પર હુમલાની આશંકા વ્યક્ત કરી
- અને પેરિસ ઓલિમ્પિકમાં બેડમિન્ટન ખેલાડી લક્ષ્યસેન આજે દેશ માટે ચોથો કાંસ્ય ચંદ્રક જીતવા મેદાનમાં ઉતરશે

*****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PREZ VISIT _UPDATED

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ફિજીના બે દિવસીય પ્રવાસે પહોંચ્યા છે. ફિજીના નાયાબ પ્રધાનમંત્રી વિલિયમ ગોવેકા અને પી.એસ. કાર્થિગેયાન તેમજ ફિજીમાં ભારતના ઉચ્ચાયુક્તે તેમનું સ્વાગ કર્યું હતું.

શ્રી મુર્મુ 6 અને 7 ઑગસ્ટ દરમિયાન વિવિધ રાજકીય કાર્યક્રમો ભાગ લેશે. તેઓ ફિજીના રાષ્ટ્રપતિ વિલિયમ કાતોનિવેરે અને પ્રધાનમંત્રી સિતિવેની રેબુકા સાથે દ્વીપક્ષીય વાટાઘાટો કરશે. શ્રી મુર્મુ ફિજીની સંસદમાં સંબોધન કરવા ઉપરાંત ભારતીય સમુદાય સાથે પણ મુલાકાત કરશે.

## RS- ZERO HOUR

આજે રાજ્યસભામાં શૂન્યકાળ દરમિયાન કેટલાક સાંસદોએ જાહેર મહત્વના વિવિધ મુદ્દા ઉઠાવ્યા હતા. ભાજપના સમિક ભટ્ટાચાર્યએ કહ્યું કે સરકારે બાંગ્લાદેશથી પશ્ચિમ બંગાળ આવતા પર પ્રાંતિય મજૂરોના મુદ્દા પર ગંભીરતાથી વિચાર કરવો જોઈએ. તેમણે કહ્યું કે પશ્ચિમ બંગાળના સરહદી વિસ્તારોમાં વસ્તી વિષયક રચના સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે અને રાજ્યની લોકશાહી, અખંડિતતા અને આંતરિક સુરક્ષા જોખમમાં હોવાની ચિંતા ઉભી કરી છે.

ઉત્તરપ્રદેશના બીજેપીના દર્શના સિંહે ખુલ્લા બોરવેલના કારણે થતા મોતનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેણીએ કહ્યું કે ખાસ કરીને બાળકોમાં થતી આ જાનહાનિ, રોકવા માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂર છે. કેરળના કોંગ્રેસના સાંસદ જેબી માથેર હિશામે ગલ્ફ દેશોના હવાઈ ભાડામાં ભારે વધારાનો મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે ગરીબ મજૂરો અને મધ્યમ વર્ગને  તે પરવડી શકે તેમ નથી. તેમણે સરકારને આ મુદ્દે તાત્કાલિક ધ્યાન આપવા અપીલ કરી હતી. આપના સાંસદ સંજય સિંહે દેશમાં કેન્સરના વધતા જતા કેસોનો મુદ્દો ઉઠાવ્યો હતો. બીજેડીના મુઝીબુલ્લા ખાને જણાવ્યું કે ઓડિશા રાજ્યમાં અનેક રાષ્ટ્રીય ધોરી માર્ગોનું નિર્માણ અધૂરું છે.

## LS-SAHARA

કેન્દ્રએ જણાવ્યું છે કે સહારા ઇન્ડિયા રિયલ એસ્ટેટ કંપની અને સહારા હાઉસિંગ ઇન્વેસ્ટમેન્ટ કોર્પોરેશનમાં રોકાણ કરનારા 17 હજાર 250 દાવેદારોને અત્યાર

સુધીમાં 138 કરોડ રૂપિયા પરત કરવામાં આવ્યા છે. નાણાંમંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબમાં આ માહિતી આપી હતી.

તેમણે કહ્યું કે સહારા ઈન્ડિયા ફાઈનાન્સ કંપનીઓ દ્વારા 3.07 કરોડ રોકાણકારો પાસેથી લગભગ 26 હજાર કરોડ રૂપિયા એકઠા કરવામાં આવ્યા છે. અને રોકાણકારોને નાણાં પરત કરવા પર નિયમનકાર સેબી અને સર્વોચ્ચ અદાલત દ્વારા રચાયેલી સમિતિઓ દ્વારા દેખરેખ રાખવામાં આવે છે. શ્રીમતી સીતારામને ઉમેર્યું હતું કે, રોકાણકારોની કાયદેસરતા અને દસ્તાવેજોની સત્યતા ચકાસ્યા બાદ રકમ પરત કરવામાં આવે છે.

## CDS TRI SERVICE CONFERENCE _ UPDATED

સૈન્યની ત્રણેય પાંખના વડા - સીડીએસ જનરલ અનિલ ચૌહાણની અધ્યક્ષતામાં નવી દિલ્હી ખાતે આજે ઉચ્ચસ્તરીય ટ્રાઇ સેવા નાણાકીય સંમેલન બેઠક મળી છે. આ સંમેલનનો હેતુ ત્રણેય સશસ્ત્રદળોના નાણાકીય વ્યવહારોમાં એકતા અને તાલમેલ વધારવાનો છે.

સંમેલનમાં સંરક્ષણ મંત્રાલય, કંટ્રોલરજનરલ ડિફેન્સ એકાઉન્ટ્સના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા છે. સંમેલન દરમિયાન, સંરક્ષણ ક્ષેત્રે રોકાણમાં વિવિધ ભાગીદારોનાદૃષ્ટિકોણ અને સંરક્ષણ ઉત્પાદનમાં આવતા પડકારોના ઉકેલો સહિત વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરાશે.

## AMARNATH YATRA-SUSPEND

જમ્મૂ કાશ્મીરમાં કલમ 370 નાબુદ થયાને આજે પાંચ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ પ્રસંગે સુરક્ષાને જોતા અમરનાથ યાત્રા સ્થગિત કરાઈ છે.

આકાશવાણી જમ્મૂના અમારા સંવાદાતા જણાવે છે કે ગુપ્તચર સંસ્થા દ્વારા મળેલી માહિતીને ધ્યાને લેતા જમ્મૂના ભગવતીનગર બેઝ કૅમ્પથી યાત્રા સ્થગિત કરી

દેવાઈ છે. જમ્મૂના અખનૂર જિલ્લામાં ચાંપતો સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો છે. દરમિયાન ભાજપે આરએસ પુરામાં વિશાળ રેલીનું આયોજન કર્યું છે.

## PM GAS PRODUCTION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશમાં વિક્રમી ગૅસ ઉત્પાદનને બિરદાવ્યું છે. પ્રધાનમંત્રીએ કહ્યું છે કે વિકસીત ભારતના સંકલ્પને હાંસલ કરવા માટે ઊર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભરતા ખૂબજ મહત્વપૂર્ણ છે.

આ પૂર્વે પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે ગૅસ ઉત્પાદનના ક્ષેત્રે ભારતે નવો રેકોર્ડ બનાવ્યો છે. દેશમાં 2020-21માં ગૅસનું ઉત્પાદન 28.7 બિલિયન ક્યૂબિક મીટર હતું અને 2023-24માં વધીને 36.43 બિલિયન ક્યૂબિક મીટર થયું.

કેન્દ્રીય મંત્રી દ્વારા શેર કરાયેલા આંકડા પ્રમાણે 2026માં ગૅસનું ઉત્પાદન 45.3 બિલિયન ક્યૂબિક મીટર રહેવાનું અનુમાન છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું, ગૅસ ઉત્પાદનમાં આ સિદ્ધિ આ દિશામાં અમારી પ્રતિબદ્ધતાનો પુરાવો છે.

## PUNE ZIKA

મહારાષ્ટ્રના પુણે શહેરમાં વધુ સાત દર્દીઓમાં ઝીકા વાઇરસની પુષ્ટિ થઈ છે. આ સાત દર્દીઓમાં કટરાજ અ કોંઢવા વિસ્તારનીપાંચ ગર્ભવતી મહિલાઓ, એક 18 વર્ષીય યુવક અને એક 40 વર્ષિય વ્યક્તિ સામેલ છે. સમગ્ર જિલ્લામાં અત્યાર સુધીમાં 72 લોકો ઝીકા વાઇરસથી સંક્રમિત થયા હોવાનું જિલ્લા આરોગ્ય વિભાગે જણાવ્યું છે.

## REV. US WARNS -IRAN-ISRAEL

પશ્ચિમ એશિયામાં તણાવની સ્થિતિ વધી શકે છે, અમેરિકાના સ્ટેટ સેક્રેટરી એન્ટોની બ્લિન્કને જી7 દેશના વિદેશ મંત્રીઓને, ઇરાન અને હિજબુલ્લાહ દ્વારા ઇઝરાયેલ પર હુમલા વિશે ચેતવણી આપી છે.

અકાશવાણીના અમારા સંવાદદાતા જણાવે છે કે બ્લિન્કન અને જી7 દેશના મંત્રીઓ વચ્ચેના એક ફોન કોલ પ્રમાણે અમેરિકાનું માનવું છે કે ઇરાન અને હિજબુલ્લાહ ગમે ઘડીએ સાથે મળીને ઇઝરાયેલ પર હુમલો કરી શકે છે. જોકે આ હુમલો કયા પ્રકારનો હોઈ શકે છે તે અંગે કોઈ સ્પષ્ટતા નથી. આ પૂર્વે બ્લિન્કને તણાવને ઓછા કરવાના પ્રયાસો માટે પોતાના જીસીસી સમકક્ષ નેતાઓ સાથે વાત કરી હતી. હમાસના રાજકીય પ્રમુખ ઇસ્માઇલ હાનિયે અને વરિષ્ઠ હિજબુલ્લાહ કમાન્ડર કુસાદ શુક્રની હાલમાં થયેલી હત્યા બાદ ઇરાન, હિજબુલ્લા અને ઇઝરાયેલ વચ્ચેનો તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે.

આ તરફ ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ રવિવારે કેબિનેટને સંબોધન કરતા જણાવ્યું કે ઇઝરાયેલ કોઈ પણ પ્રકારનો હુમલો કરવા અને બચાવ માટે તૈયાર છે. તેમણે વર્તમાન સ્થિતિને ઇરાનના બદઇરાદાઓ સામેનું યુદ્ધ ગણાવી. તાજા સ્થિતિએ છેલ્લા દસ મહિનાથી ગાઝામાં ચાલી રહેલા તણાવમાં ઉમેરો કર્યો છે. આગામી 24થી 48 કલાક અતિ સંવેદનશીલ માનવામાં આવી રહ્યા છે.

## HIMACHAL RESCUE OPERATION

હિમાચલ પ્રદેશના શિમલા, મંડી અને કુલ્લુ જિલ્લામાં તાજેતરના વાદળ ફાટવાની ઘટનાઓમાં ગુમ થયેલાલોકોની શોધખોળ આજે પાંચમા દિવસે પણ ચાલુ છે. આજે સર્ચ ઓપરેશન દરમિયાન શિમલાજિલ્લાના સુન્ની નજીક ડોગરીમાંથી વધુ બે મૃતદેહ મળી આવ્યા છે. જેની ઓળખ હજુ સુધીથઈ શકી નથી. અને લગભગ 40 લોકો હજુ પણગુમ છે.

કુલ્લુ જિલ્લામાં, કુલ્લુ-મનાલી રાષ્ટ્રીય ધોરીમાર્ગ, જે બિયાસ નદીના પાણીના સ્તરમાં વધારો થવાનેકારણે રાયસન અને ક્લોથ નજીક બંધ કરવામાં આવ્યો હતો, તેને ગઈકાલે સાંજે વાહનોની અવરજવર માટેખોલવામાં આવ્યો હતો. જિલ્લાના નાયબ કમિશનરે જણાવ્યુંકે મલાનામાંથી 15 સ્થાનિક લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે જ્યારે જિલ્લામાં 11 લોકો ગુમ છે અને બચાવ કામગીરીચાલી રહી છે.

આ સાથે લાહૌલ સ્પીતિ જિલ્લાની મયદ ખીણના નાળાઓમાંપૂરને કારણે પુલ ધોવાઈ ગયો છે. જેના કારણે ખીણમાં આવેલા ગામનો અન્ય સ્થળો સાથેસંપર્ક તૂટી ગયો છે. રેવન્યુ અને પોલીસની ટીમો ઘટનાસ્થળે પહોંચી છે અને ફસાયેલાવાહનોને બચાવવા તથારસ્તાને પુનઃસ્થાપિતકરવાનું કામ ચાલી રહ્યું છે. દરમિયાન, હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી રાજ્યમાં ભારેવરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે.

## IMD-WEATHER

હવામાન વિભાગએ આજે નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ભારે વરસાદની આગાહી કરી છે. કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, પશ્ચિમ રાજસ્થાન અને પૂર્વ ઉત્તરપ્રદેશમાં બે દિવસ દરમિયાન હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગે આ અઠવાડિયા દરમિયાન પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે અને 6 અને 7 ઓગસ્ટે ઉત્તરાખંડમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.

આ અઠવાડિયે પૂર્વ ભારતમાં ગાજવીજ અને વીજળીના ચમકારા સાથે હળવો વરસાદ થવાની સંભાવના છે. આ મહિનાની 7 થી 9 તારીખ સુધી અરુણાચલપ્રદેશમાં વિવિધ સ્થળોએ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

# STOCK-OPENING

યુએસ અર્થતંત્રમાં મંદી અને વિદેશી ભંડોળના મંદ પ્રવાહની આશંકા વચ્ચે ભારતીય શેબરબજારમાં કડાકો થયો હતો.. શેરબજાર ખુલતાની સાથે જ 2 હજાર 401 પોઈન્ટ ઘટીને 78,580 પર કારોબાર કરી રહ્યુ હતું..

વૈશ્વિક બજારોમાં ત્યાંના નબળા વલણોને પરિણામે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી 490 પોઈન્ટ ઘટીને 24 હજાર 228 પર પહોંચ્યો હતો. રૂપિયો ડોલર સામે 8 પૈસા ઘટીને 83.80ની અત્યાર સુધીની નીચી સપાટીએ ગયો હતો.

# PARIS OLYMPIC

ભારતના બેડમિન્ટન ખેલાડી લક્ષ્ય સેન આજે દેશ માટે ચોથો કાંસ્ય ચંદ્રક જીતવા મેદાનમાં ઉતરશે. લક્ષ્ય સેન આજે ભારતીય સમય અનુસાર સાંજે 6 વાગ્યે પુરુષ સિંગલ્સની મેચમાં મલેશિયાના ઝી જિયા લી સામે ટકરાશે.

લક્ષ્ય સેન ગઇકાલે સેમિફાઇનલ મુકાબલામાં ડેનમાર્કના વિક્ટર એક્સેલસનને હરાવવામાં નિષ્ફળ રહ્યા, અને સીધા સેટમાં 20-22, 14-21થી હાર્યા હતા. તેઓ ઓલિમ્પિક્સમાં સેમિફાઇનલમાં પહોંચનાર પ્રથમ પુરુષ બેડમિન્ટન ખેલાડી છે. સાઈના નેહવાલ અને પીવી સિંધુ બેડમિન્ટનમાં ભારત માટે ઓલિમ્પિક મેડલ જીતનારી મહિલા ખેલાડી છે.